# જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,પાટણ

અનાવાડા દરવાજા પાસે,પાટણ,ફોન નંબર (૦૨૭૬૬-૨૯૬૧૪૫)

ઈમેલ – Dso-sycd-ptn@gujarat.gov.in /dsopatan30@gmail.com


સત્યમેવ જયતે

ક્રમાંક/જિ.ર.પ્ર.ક/kmk ૨૦૨૫/રાજ્યકક્ષા બાસ્કેટબોલ /૧૬૪૫૦ થી ૧૬૫૫૦/૨૦૨૫-૨૬ તા.૨૬/૧૨/૨૦૨૫

**પ્રતિ,**

જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી

જિલ્લા રમત ગમત અધિકારીશ્રી,

ગુજરાત રાજ્ય, તમામ

વિષય:- ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષાની બાસ્કેટબોલ (ભાઈઓ) સ્પર્ધામાં ભાગ લેવા બાબત.

**સંદર્ભ:-** ક્રમાંક:એસએજી/ખે.મ.કુ ૨૦૨૫ /૪૭૪૪૭ થી ૪૭૫૫૨/૨૦૨૫-૨૬ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર તા.૨૪-૧૨-૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રીના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષાની બાસ્કેટબોલ (ભાઈઓ) ની સ્પર્ધાનું આયોજન સરદાર પટેલ રમત સંકુલ,પાટણ ખાતે તા.૧૬/૦૧/૨૦૨૬ થી તા.૨૨/૦૧/૨૦૨૬ દરમ્યાન નીચે મુજબ તારીખે અને સ્થળે યોજાનાર છે. જેથી આપના જિલ્લાની ભાગ લેનાર ટીમોની ઓનલાઇન એન્ટ્રી સત્વરે Dso-sycd-ptn@gujarat.gov.in /dsopatan30@gmail.com ઉપર મોકલી આપી નીચે મુજબના વિગતવાર કાર્યક્રમની જાણ ભાગ લેનાર ખેલાડી-કોચ/મેનેજરશ્રીને કરવાની રહેશે

## રાજ્યકક્ષા બાસ્કેટબોલ (ભાઈઓ) સ્પર્ધા કાર્યક્રમ

| ક્રમ | વયજુથ | રીપોટીંગ તારીખ | રીપોટીંગ સમય | સ્પર્ધા શરૂ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૧ | અં.૧૪ ભાઈઓ | ૧૬/૦૧/૨૦૨૬ | બપોરે ૦૧:૦૦ કલાક સુધી | તા. ૧૬/૦૧/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ કલાકે |
| ૨ | અં.૧૭ ભાઈઓ | ૧૮/૦૧/૨૦૨૬ | બપોરે ૦૧:૦૦ કલાક સુધી | તા.૧૮/૦૧/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ કલાકે |
| ૩ | ઓપન એઈજ ભાઈઓ | ૨૦/૦૧/૨૦૨૬ | બપોરે ૦૧:૦૦ કલાક સુધી | તા.૨૦/૦૧/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ કલાકે |
| **ખેલાડી ૧૨+૨ કોચ/મેનેજર =૧૪ની જ એન્ટ્રી માન્ય ગણાશે. (આ સિવાય કોઈને એન્ટ્રી આપવમાં આવશે નહી.)** | | | | |

- **રીપોટીંગ/સ્પર્ધા સ્થળ** :- સરદાર પટેલ રમત સંકુલ,અનાવાડા દરવાજા પાસે, પાટણ
- **સંપર્ક નંબર** :- કિરીટભાઈ એમ. પટેલ મો.નં- ૯૪૨૮૮ ૫૦૦૬૭
  દિક્ષિતભાઈ એ.ઝાલા મો.નં- ૯૩૧૬૫ ૧૪૫૪૦

## સુચના

1. ટીમના તમામ ખેલાડીઓએ ખેલ મહાકુંભ ૨૦૨૫ રાજ્યકક્ષા માન્ય એલીજીબીલીટી ફોર્મ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી-સિકકા સાથેનું લાવવાનું રહેશે. રીપોર્ટીંગ સમયે રજુ કરવાનું રહેશે.
2. ઓનલાઇન KMK ID નંબરવાળા ખેલાડીઓ જ સ્પર્ધામાં ભાગ લઇ શકશે.
3. ખેલાડીઓએ એલીજીબીલીટી સાથે આધારકાર્ડ ની નકલ રજુ કરવાની રહેશે.
4. ભાગ લેનાર ખેલાડીઓ જન્મ તારીખ/રહેઠાણના જરૂરી પુરાવા અને આધારકાર્ડ સાથે લાવવાના રહેશે.
5. સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે /ભોજન સમયે ખેલાડીઓએ શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.
6. સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે કોઇપણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પુરેપુરી રકમ જે-તે ખેલાડી/મેનેજરે ભરપાઇ કરવાની રહેશે.
7. નિવાસ સ્થળે નિયત કરેલ ડીપોઝીટ જમા કરવાની રહેશે. સ્પર્ધા પૂર્ણ થયે જરૂરી ચીજવસ્તુ જમા કરાવ્યા બાદ ડીપોઝીટ પરત આપવામાં આવશે.
8. પ્રવાસ ખર્ચ ટુંકામાં ટુંકા અંતરનુ ભાગ પાડયા વગરનું સીધા રૂટનું અને સાદી બસ/એકસપ્રેસ/રેલ્વે બીજા વર્ગનુ ભાડું ચુકવવામાં આવશે.
9. તમામ સ્પર્ધામાં આવનાર તમામ ખેલાડીઓએ સાદી બસ/એકસપ્રેસ બસ/રેલ્વેમાં જ મુસાફરી કરવાની રહેશે.
10. મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા કરીને આવવાનુ રહેશે.. પ્રવાસ ખર્ચના નાણા મેનેજરશ્રીના બેન્ક ખાતામાં R.T.G.S. દ્વારા ચૂકવવામાં આવશે જેથી બેન્ક ખાતાની વિગત સાથે લઇને આવવાની રહેશે.
11. ખેલાડીઓએ સ્પર્ધા અનુરૂપ ગણવેશ/કીટ સાથે લઇને આવવાનું રહેશે.
12. પરિપત્રની એક નકલ ટીમ મેનેજરશ્રીને અચુક પણે આપવાની રહેશે તથા KMK ID ની વિગત સાથેની એન્ટ્રીની ઓરીજીનલ નકલ પણ સાથે લાવવાની રહેશે.
13. કોઇપણ ટીમ સામે પ્રોટેસ્ટ લેવામાં આવે તો સમય મર્યાદામાં આધાર પુરાવા રજુ કરવાના રહેશે. અને જો આધાર પુરાવા રજુ નહી કરી શકે તો ટીમને ડીસકવોલીફાઇડ કરવામાં આવશે
14. જે તારીખે જે વયગૃપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે. અન્યથા નિવાસ/ભોજનની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
15. ટીમ સાથે એક મેનેજર અને એક કોચશ્રીને મોકલવાના રહેશે.
16. જિલ્લામાંથી આવતા તમામ ખેલાડીઓ,કોચશ્રી અને ટીમ મેનેજરશ્રી સિવાય અન્ય કોઈપણ બિનઅધિકૃત વ્યક્તિને સાથે લાવવાનો રહેશે નહિ.

જિલ્લા રમત વિકાસ અધિકારી
પાટણ

જિલ્લા રમત ગમત અધિકારી
પાટણ

**નકલ સવિનય સાદર રવાના:**

૧ માન. અગ્રસચિવશ્રી, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર
૨ માન. ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૩ માન. કલેકટરશ્રી, કલેકટર કચેરી, પાટણ
૪ માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પાટણ
૫ માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, પાટણ
૬ માન. સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૭ માન. મુખ્ય કોચશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૮ માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પાટણ
૯ માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પાટણ
૧૦ માન. નાયબ માહિતી નિયામકશ્રી, સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.
૧૧ માન. પ્રમુખ/મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય બાસ્કેટબોલ એશોસીયેશન.
૧૨ માન. હેડ કોચશ્રી રાજ્યકક્ષા બાસ્કેટબોલ ભાઇઓ સ્પર્ધા.
૧૩ માન.નોડલ ઓફિસરશ્રી,રાજ્યકક્ષા બાસ્કેટબોલ ભાઇઓ સ્પર્ધા.
૧૪ માન. પ્રમુખશ્રી/મંત્રીશ્રી, જિલ્લા વ્યાયામ મંડળ, પાટણ